ગાંધીનગર સમાચાર
તા. ૧-૨-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

શીખ વિરોધી તોફાનોનો મુદ્દો કોંગ્રેસને પરેશાન કરશે

દસ દસ વર્ષ સુધી કોંગ્રેસ પક્ષે એક શીખ મહાનુભાવને વડાપ્રધાન પદ સોંપ્યા છતાં ૧૯૮૪નાં શીખ વિરોધી રમખાણોના દૂઝતા ઘા હજી સુધી રૂઝાયા નથી. કોંગ્રેસ પક્ષે શીખ સમાજના જ્ઞાની ઝૈલસિંહને રાષ્ટ્રપતિ બનાવ્યા હતા. સરદાર બૂટાસિંહ દેશનાં ગૃહમંત્રીપદે આરૂઢ થયા તે પણ કોંગ્રેસના જ પ્રતાપે. આટઆટલા કાલાવાલા પછી પણ ભિંડરાવાલે સામે અમૃતસરના સુવર્ણમંદિરમાં કરાયેલું બ્લ્યુ સ્ટાર ઓપરેશનની પીડા અને એના પ્રતિશોધ લેખે વડાપ્રધાન ઇન્દિરા ગાંધીની એમનાં પોતાનાં જ શીખ અંગરક્ષકો દ્વારા થયેલ હત્યાની પ્રતિક્રિયા સ્વરૂપે દિલ્હી સહિત દેશ આખામાં ફાટી નીકળેલાં રમખાણોમાં નિર્દોષ શીખોની હજારોની સંખ્યામાં થયેલી કત્લેઆમના પડઘા કેમે કર્યા શમતા નથી. શીખો મૂળભૂત રીતે સરહદી વિસ્તારોમાં રહેલી લડાયક કોમ છે. ગુરૂનાનક તો સંત કબીરની જેમ સુધારક ધર્મગુરૂ હતા અને માણસ માત્રને સમાન ગણવાનો તથા ભૂખ્યાં-દુખ્યાંને સહાયરૂપ બનવાનો ઉપદેશ આપતા હતા. એમણે કર્મકાંડનો વિરોધ કરી જીવમાત્ર પ્રત્યે દયાભાવ રાખવામાં જ ઈશ્વર, અલ્લાહ કે વાહે ગુરૂ રાજી રહે એ મતલબની વાત કરી હતી. પરંતુ તે પછીના મોગલ શાસન દ્વારા આ ધર્મપ્રેમી કોમ પર થઈ રહેલ અત્યાચારોને અટકાવવા એમના દસમા ગુરૂ ગોવિંદસિંહે સશસ્ત્ર સામનો કરવા કોમને એક છત્ર હેઠળ આણી. શીખધર્મના આ મહાન ધર્માધ્યક્ષે એમના બે પુત્રોને મોગલ સલ્તનત દ્વારા જીવતા દીવાલમાં ચણી દેવાયા પછી 'ગ્રંથ'ને જ ગુરૂપદ સોંપ્યું, તે ઇતિહાસ જાણીતો છે. શીખો ભારતીય સેનાની શોભા બની રહ્યાં છે. આજે પણ ભારતીય સ્થલ સેના (આર્મી)ના વડા શીખ ધર્માનુયાયી સરદાર વિક્રમસિંહ છે. શીખોએ આઝાદી વખતે ઘણાં બલિદાન આપ્યાં છે. સરદાર ભગતસિંહને આપણે શહિદ વીર તરીકે યાદ કરીએ છીએ. પણ દેશના વિભાજન વખતે પંજાબના બે ટુકડા થતાં સૌથી વધારે સહન કરવાનું પણ શીખોના જ ભાગે આવ્યું હતું તે ન ભૂલવું જોઈએ.

શીખોનું રાજકારણ મહદંશે ધર્મ આધારિત રહ્યું છે. શિરોમણિ ગુરૂદ્વારા પ્રબંધક સમિતિ અકાલી રાજકારણનો અખાડો બની ચુકી છે. ઈન્દિરા ગાંધીએ અકાલીઓને કાબૂમાં રાખવા માટે સંત ભિંડરાંવાલેને પ્રોત્સાહન આપ્યું હોવાનું કહેવાય છે. આ જોખમી પગલું અંતે એમને ઘણું મોઘું પડ્યું હતું. ભિંડરાંવાલે અને એમનાં સમર્થકોએ પછી તો ખાલિસ્તાનની માગણી શરૂ કરી દીધી હતી. ભિંતરાંવાલે આતંકવાદીઓનાં આકા બની ગયા અને કેન્દ્ર સરકાર માટે માથાનો દુખાવો બની રહ્યાં. સમાધાનની કોઈ શક્યતા ન બચી ત્યારે સુવર્ણમંદિરમાં છુપાયેલા આતંકવાદીઓ સામે લશ્કરી પગલાં ભરવાં પડ્યા. સુવર્ણમંદિર ઉપરનાં 'સરકારી આતંક'નો બદલો લેવા ટાંપી રહેલા શીખ આતંકવાદીઓએ ઈન્દિરા ગાંધીના અંગરક્ષકોને જ સાધ્યા. ગુપ્તચર શાખાને આવી કોઈ ઘટનાનો આગોતરો અંદેશો આવી ગયેલો અને વડાપ્રધાનને એમનાં 'સરદાર' અંગરક્ષકો વિરૂદ્ધ ચેતવેલાં પણ ખરાં. પરંતુ ઈન્દિરા ગાંધીએ સતવંત સિંહ અને બિયંતસિંહ જેવા શીખ અંગરક્ષકોને સુરક્ષા વ્યવસ્થામાંથી દૂર કરવાની સલાહ અવગણી જેનું વિપરીત પરિણામ એમની હત્યા સ્વરૂપે મળ્યું. પંજાબના મુખ્યમંત્રી બિઅંતસિંહની પણ આ જ પ્રમાણે હત્યા થયેલી. ઈન્દિરા ગાંધીની હત્યાની પ્રતિક્રિયા સ્વરૂપે દિલ્હીમાં અને સમસ્ત ઉત્તર ભારતમાં શીખોની ક્રૂર કત્લેઆમ થઈ તેમાં દિલ્હીના તત્કાલીલ સાંસદો જગદીશ ટાઈટલર અને સજ્જન કુમાર જેવા કોંગ્રેસી આગેવાનોનો સક્રિય સહયોગ અને ઉશ્કેરણી હોવાનું બહાર આવ્યું હતું. રાજીવ ગાંધીને ઉતાવળે વડાપ્રધાનપદની જવાબદારી સોંપાઈ હતી અને સ્વાભાવિક રીતે જ તેઓ ભારે આઘાતની સ્થિતિમાં હોઈ આ રમખાણો નિયંત્રિત કરવામાં નિષ્ફળ નીવડ્યા હતા. દિલ્હીમાં જ પાંચ હજાર જેટલા શીખોની નિર્દય હત્યા થવા પામી હતી. આ મુદ્દો આજે ત્રીસ વર્ષ પછી પણ પ્રસ્તુત રહ્યો છે એનું કારણ એ છે કે આવડા મોટા નરસંહારમાં કોંગ્રેસી આગેવાનોની સીધી સંડોવણી જગજાહેર હોવા છતાં એક પણ વ્યક્તિને આજ લણી સજા નથી થઈ, તેથી શીખ સમુદાય અત્યંત વ્યથતિ છે. આ મુદ્દે રાજીવ ગાંધીએ એ સમયે આપેલું નિવેદન પણ શીખ સમુદાયને ઘા પર મીઠું ભભરાવવા જેવું લાગ્યું હતું. રાજીવ ગાંધીએ કહ્યું હતું કે મોટું વટવૃક્ષ ધરાશાયી થાય ત્યારે ધરતી તો ધ્રૂજે જ. ઈન્દિરાની હત્યા શીખ આતંકવાદીઓએ કરી હતી, એમાં નિર્દોષ શીખોને ટાર્ગેટ કરવામાં આવ્યા તે કોઈ પણ રીતે યોગ્ય નહોતું. એ માટે કોંગ્રેસે મોડે મોડે શીખ સમુદાયની ક્ષમાયાચના પણ કરી લીધી હોવા છતાં અકાલી દળ અને ભાજપ સહિતના વિરોધીઓ આ મુદ્દો સતત ઉછાળતા રહે છે. ગઈ ચૂંટણી ટાણે છેલ્લી ઘડીએ જગદીશ ટાઈટલર અને સજ્જનકુમારની શીખોની લોકસભાની ટીકીટો કાપવી પડી હતી. કોંગ્રેસ માટે અકસ્માતરૂપ બેઉ વરિષ્ઠ નેતાઓ શીખોની નજરમાં તો કોમનાં હત્યારા જ છે. તાજેતરમાં રાહુલ ગાંધીએ 'ટાઈમ્સ નાઉ'ને આપેલી મુલાકાતમાં નિખાલસપણએ કબુલ્યું હતું કે ૧૯૮૪માં રમખાણોમાં કેટલાક કોંગ્રેસીઓનો હાથ હતો. રાહુલ તો ત્યારે નાન બાળક હતા, છતાં આજે કોંગ્રેસના કર્ણધાર તરીકે શીખો તેમની પાસે ન્યાયની માગણી કરતા હોય તો એમાં ઔચિત્ય છે કારણ કે ત્રીસ વર્ષ સુધી એ કમનસીબ શીખ પરિવારોને એમનાં સ્વજનોના હત્યારાઓ સામે કોઈ જ પગલાં નહીં લેવાયા હોવાનું દુઃખ છે. રાહુલ ગાંધીએ ગુજરાતનાં રમખાણો ભાજપ સરકાર દ્વારા પ્રેરિત અને સમર્થિત હોવાની વાત કરી એથી ભાજપ ઉશ્કેરાય એ સ્વભાવિક છે. નરેન્દ્ર મોદી સામે આ મુદ્દે સતત આક્ષેપો થતા રહ્યા છે. ખુદ તત્કાલીન વડાપ્રધાને એમને 'રાજધર્મ' બજાવવાની સલાહ આપવી પડી હતી તે સૂચક છે. જો કે અદાલતોમાં પુરાવાના અભાવે સીબીઆઈએ ક્લીનચીટ આપવી પડી એથી ભાજપ અને એનાં સમર્થકો - અકાલીદળ તથા શિવસેના ઉપરાંત અન્ય પક્ષોને હવે શીખોને થયેલ અન્યાયના મુદ્દે કોંગ્રેસને ઘેરવાની તક સાંપડી છે.

એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલની રજત જયંતિએ વિશિષ્ટ કાર્યક્રમો યોજાયા

૩૦ મોતિયાના ઓપરેશન ૨૦ બાળકોને ચશ્મા વિતરણ કરાયા

ગાંધીનગર, તા. ૩૧

શ્રી સર્વોદય આરોગ્ય મંડળ ઈસનપુરમોટાની એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલનો રજત જયંતિ મહોત્સવ વિશિષ્ટ રીતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં દર્દીઓની નિઃશુલ્ક તપાસ કરવામાં આવી હતી.

તાલુકાના ઈસનપુર મોટા ખાતે આવેલી એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલની સુવાસ સમગ્ર જિલ્લામાં ફેલાયેલી છે ત્યારે હોસ્પિટલના રજત જયંતિ સમારોહ નિમિત્તે નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો.

ખેડબ્રહ્મા તાલુકાના આગિયા ગામે નિઃશુલ્ક નેત્રયજ્ઞ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આજુબાજુના ગામના ૪૦૦ લાભાર્થીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૩૦ દર્દીઓને મોતિયો જણાતા વિના મૂલ્યે ઓપરેશન કરવામાં આવ્યા હતા.

ઉપરાંત દહેગામ તાલુકાના વા. ચૌધરી ગામની સગર્ભા મહિલાઓને ગોળ અને ચણાનો પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. જેથી અવતરણ થનાર બાળક કુપોષણનો ભોગ ના બને. ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોની આંખો તપાસવામાં આવી હતી. ક્ષતિ જણાતા બાળકોને જરૂરી સારવાર આપવામાં આવી હતી.

મંડળના વિષ્ણુભાઈ પટેલનો જન્મ દિવસ ગઈ ૨૭ જાન્યુઆરીના રોજ હતો. તેમની ઉજવણીના ભાગરૂપે સંસ્થા સતત એક વર્ષ સુધી રક્તદાન કેમ્પ યોજી રક્તદાન અંગેનું જાગૃતિ અભિયાન હાથ ધરશે. તેમ સંસ્થાના સેક્રેટરી દ્વારા જણાવવામાં આવ્યું છે.

રાજ્યમાં ગેરકાયદે ૫૦૦થી વધુ ડે-કેર શાળાઓ કાર્યરત

અમદાવાદ, તા. ૩૧

શિક્ષણનો વ્યાપારીકરણો પ્રશ્ન આજે આમ થઈ ગયો છે ત્યારે રાજ્યમાં શિક્ષણના વ્યાપારીઓ દ્વારા ડે-કેરશાળાઓના નામે વિદ્યાર્થીઓને લુટવાનો એક નવો રસ્તો બનાવી લેવામાં આવ્યો છે. રાજ્યના શિક્ષણ વિભાગના નિયમોમાં ડે-કેરશાળાની કોઈ જોગવાઈ નથી. તેમ છતાં નિયમોની ઐસી-તેસી કરી રાજ્યમાં અત્યારે ૫૦૦થી વધુ ડે-કેરશાળાઓ બેરોકટોક ચાલી રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્ય સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ધર એમ ત્રણ પ્રકારની શાળાઓ ચલાવવાની મંજુરી આપવામાં આવે છે. આ ઉપરાંત આશ્રમ શાળાઓ ગુરૂકુળ શાળાઓને પણ મંજુરી આપવામાં આવશે. પરંતુ રાજ્યના શિક્ષણ વિભાગના કાયદામાં ડે-કેરશાળાઓને મંજુરીઓ આપવાની કોઈ જોગવાઈ નથી. તેમ છતાં શિક્ષણ વિભાગની રહેમ નગર હેઠળ રાજ્યમાં ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સ કોમર્સ ઉપરાંત માધ્યમિકની મળી કુલ ૫૦૦ જેટલી ડે-કેર શાળાઓ કાર્યરત છે.

આવી શાળાઓ ગેરકાયદેસર હોવા છતાં તેને બેરોકટોક ચલાવવામાં આવી રહી છે. એટલું જ નહીં વર્તમાનપત્રો અને જાહેર હોર્ડિંગ્સો ઉપર આવી શાળાઓની ખુલ્લેઆમ જાહેરાત કરવામાં આવે છે. શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ આવી શાળાઓની મુલાકાત લેતા હોય છે. પરંતુ આવા શાળાઓ નિયમો વિરૂદ્ધ ચાલી રહી તેમ છતાં ધ્યાન આવતું નથી. અને તંત્રની રહેમ નજર હેઠળ ડે-કેર શાળાઓના નામે વિદ્યાર્થીઓ પાસેથી ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે.

વસંત કુંવરબા વિદ્યાલયમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી થઈ

ગાંધીનગર, તા. ૩૧

શહેરની બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય ખાતે ૬૫માં પ્રજાસત્તાક પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી અને જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન ચોકસીના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો.

સે. ૨૮ ખાતેની બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય ખાતે પ્રજાસત્તાક પર્વ ઉજવવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં લતાબેન દ્વારા ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેમણે વિદ્યાર્થીઓને ભ્રષ્ટાચારની બદીથી દૂર રહેવા અને કન્યાઓને નિડર બની લડવાની પ્રેરણા આપી હતી.

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે શાળામાં દેશભક્તિગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ટ્રોફી તેમજ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા.

આજથી ટોય હાઉસનો શુભારંભ

ગાંધીનગર, તા. ૩૧

સેક્ટર-૨૩ સ્થિત કડી સંકુલ ખાતે વિકસતા બાળપુષ્પો માટે રમતા-રમતા શિક્ષણ મેળવે અને બાળપણની પ્રત્યેક ક્ષણને માણી શકે તે માટે સંકુલમાં કમળા અમૃત ટોય હાઉસનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેને આજે ખુલ્લુ મુકવામાં આવશે.

ટોય હાઉસનો શુભારંભ અમૃતભાઈ શિવાભાઈ પટેલના વરદ હસ્તે આજરોજ શનિવાર સાંજે ૫.૦૦ કલાકે કરવામાં આવશે. નાના ભૂલકાઓને શાળાની ચાર દિવાલોમાં બંદક જેવો અહેસાસ થાય છે. ત્યારે આ ટોય હાઉસ બાળકોને પકડી રાખશે અને ભૂલકાઓ હોંશભેર શિક્ષણ મેળવશે.

અનુસૂચિત જાતિ તાલિમ શિબિર

ગાંધીનગર, તા.૩૧

અનુસૂચિત જાતિ એકતા મંચ ગાંધીનગર દ્વારા અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ શિબિર તા. ૨ થી ૪ ફેબ્રુઆરી સુધી બપોરે ૨-૦૦ કલાકે રુમ નં. ૨૮ પ્રથમ માળે સરકારી વિનયન કોલેજ, સે-૧૫ ખાતે યોજવામાં આવનાર છે. તાલીમ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ સોમ વાઘેલા ૯૪૨૬૭૦૦૮૦૦ પર નામ નોંધાવવા જણાવાયું છે.

હરિની દૃષ્ટિ...

ટચ સ્ક્રીનનાં જમાનામાં આંગળીથી નંબર ડાયલ કરવાનાં જમાના જ નથી રહ્યા, ત્યારે આ સેવા સક્ષમ ન થાય તો ચ યાલશે.

એસ.એસ. પટેલ બી.એડ. કોલેજમાં શાંતિ સંસ્કૃતિ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૩૧

સે-૨૩માં આવેલ કડી સર્વ વિદ્યાલય સંકુલની એસ.એસ. પટેલ બી.એડ. કોલેજમાં તા. ૨૯મી જાન્યુઆરીએ 'શાંતિ સંસ્કૃતિ' સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનાર ડૉ. દ્વારકાદાસ જોષી મેમોરિયલ ફાઉન્ડેશન અને વિશ્વગ્રામ સંસ્થાના સંયુકત ઉપક્રમે આ સેમિનાર યોજાયો હતો.

વિશ્વ શાંતિની સદ્‌ભાવના ચોમેર પ્રસરે તે હેતુથી યોજાયેલ શાંતિ સંસ્કૃતિ સેમિનારમાં વિશ્વગ્રામ સંસ્થાના અગ્રણી વકતા સંજય તુલા અને આઈઆઈએમ અમદાવાદના વરિષ્ઠ પ્રાધ્યાપક અનિલ ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. સંજય તુલાએ તેમના રસપ્રદ ઉદબોધનમાં વિશ્વમાં સર્વત્ર શાંતિ પ્રસરે અને સર્વનો વિકાસ થાય તે અંગે વિદ્યાર્થીઓ સમક્ષ રોચક વિચારો રજૂ કર્યા હતા. જેમાં શિક્ષકોના વિકાસમાં વિદ્યાર્થીઓનો વિકાસ અને તે રીતે દેશનો અને સમાજનો વિકાસ રહેલો છે તેવું જણાવ્યું હતું. પ્રાધ્યાપક અનિલ ગુપ્તાએ વિદ્યાર્થીઓને સર્જનાત્મકતા પર ભાર મૂકી સર્જનાત્મકતા થકી સર્વનો દરેકનો વિકાસ સાધવા અનુરોધ કર્યો હતો.

આ શાંતિ સંસ્કૃતિ સેમિનારમાં એસ.એસ. પટેલ બી.એડ. કોલેજ સહિત કડી કેમ્પસની અન્ય સંસ્થાઓના વિદ્યાર્થીઓએ પણ ભાગ લઈ કાર્યક્રમને માણ્યો હતો.

એસ.જી. ઈંગ્લીશ સ્કુલના વિદ્યાર્થીઓએ બંગાળની સંસ્કૃતિની ઝાંખી કરાવી

ગાંધીનગર, તા.૩૧

કડી સર્વ વિદ્યાલય સંચાલિત એસ.જી. ઈંગ્લીશ મિડિયમ પ્રાયમરી સ્કુલના બાળકોએ શહેરની ભગીની સંસ્થા સાથે મળી ૨૬ જાન્યુઆરીના રોજ બંગાળની સંસ્કૃતિને ઉજાગર કરતા નૃત્ય, ગીત અને સંગીતના કાર્યક્રમો યોજાયા હતા.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ બંગાળી પરિવેશમાં સજ્જ થઈ વિવિધ બંગાળી નૃત્યો રજૂ કર્યા હતા તેમજ બંગાળના મહાન નેતાઓ રવિન્દ્રનાથ ટાગોર, આચાર્ય જગદીશચંદ્ર બોઝ, ઋષિ અરવિંદ ઘોષ, રાજા રામ મોહન રાય, ખુદીરામ બોઝ જેવા પ્રતિષ્ઠિત દેશભકતો-સાહિત્યકારની ઝાંખી કરાવતી કૃતિ રજૂ કરવામાં આવી હતી.

માનવ તસ્કરી અંગે સેમિનાર

ગાંધીનગર, તા. ૩૧

ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સેક્ટર-૭માં વિશ્વવ્યાપી માનવ તસ્કરી વિષય પર સેમિનાર યોજવામાં ાવ્યો હતો.

શહેરના સેક્ટર-૭માં આવેલ ચૌધરી મહિલા કોલેજ ખાતે વિદ્યાર્થિનીઓને શિક્ષણની સાથે સાથે બાહ્ય જાગૃતિ મેળવે તેવા હેતુથી અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. ત્યારે આજરોજ શુક્રવારે કોલેજમાં વિશ્વવ્યાપી માનવ તસ્કરી અંગે સેમિનાર યોજવામાં આવ્યો હતો.

સેમિનારમાં વિષય નિષ્ણાતો અને લીમ્કાગ્રૃપ એવોર્ડ વિજેતા આશિષ સોની દ્વારા માનવ તસ્કરની સલામતી કેવી રીતે જાળવવી તે અંગે ત્રણ કલાક સુધી માર્ગદર્શન આપ્યું હતું. જેમાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા પુજય બાપુના નિર્વાણ દિન નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી

ગાંધીનગર, તા.૩૧

૩૦ જાન્યુઆરીનો દિવસ એટલે 'ગાંધી નિર્વાણ દિન' આ દિવસને બલિદાન દિવસ તરીકે ઓળખવામાં આવે છે. તેમની યાદમાં આજ રોજ ગુરુવારે નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા જિલ્લા યુવા સંમેલન યોજી પૂજય બાપુને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

યુથ હોસ્ટેલ ગાંધીનગર ખાતે પૂજય બાપુના જીવન સંદેશ 'મારું જીવન એ જ મારો સંદેશ' તેમજ આજના યુવકો ભવિષ્યમાં ભારતના સારા ઘડવૈયા બને તેવી થીમ પર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વસાહત મંડળના પ્રમુખ અરુણભાઈ બુચ, પછાત નિગમના ડિરેકટર પ્રવિણભાઈ શ્રીમાળી, નિવૃત્ત અધિકારી આઈ.એ. ત્હોરાએ ગાંધીજીના જીવન વિષય પર જરુરી વકતવ્ય આપ્યું હતું.

ગાંધી નિર્વાણ દિન નિમિત્તે જિલ્લાના હસ્તકલાના કારીગરો, યુવા કૃતિના કલાકાર મિત્રોએ તૈયાર કરેલા નમુનાનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેને ઉપસ્થિત મહાનુભાવએ નિહાળી બિરદાવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લાના યુવા મંડળો મહિલા મંડળો, નહેરુ યુવા કેન્દ્રના મહાનુભાવો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત યવાનોએ પૂજય બાપુને યાદ કરી બે મિનિટ મૌન પાળી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

'સ્વામી વિવેકાનંદ' નાટક દિલોને સ્પર્શી ગયું

પ્રેક્ષકો ભાવવિભોર થઈને રડી પડ્યા

ગાંધીનગર, તા. ૩૧

નાટકમાં ભજવાતાં ભાવવાહી દ્રશ્યો જોતાં પ્રેક્ષકો ભાવવિભોર બની ગયા અને કેટલાક પ્રેક્ષકો તો રડી જ પડ્યા હતા. આ ઘટના ગઈકાલે રાત્રે ગાંધીનગર શહેરના ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ ખાતે બની હતી.

અહીં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી ગાંધીનગરના નાટ્યકાર કુંતલ નિમાવત દ્વારા લિખિત-દિગ્દર્શિત નાટક 'સ્વામી વિવેકાનંદ'નું પાંચમું મંચન યોજાયું હતું, જે દરમ્યાન અનેક પ્રેક્ષકોની આંખોમાં આંસૂ આવી ગયાં હતાં.

નહેરુ યુવા કેન્દ્રના સૌજન્યથી આયોજિત આ નાટ્ય મંચન પ્રસંગે નહેરુ યુવા કેન્દ્રના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાન્ત સુથાર, નગરના અગ્રણી કલા દંપતિ આશાબેન-જયરાજસિંહ સરવૈયા, સાહિત્યકાર ભરત કવિ તથા રાષ્ટ્રીય યુથ એંવોર્ડી અને સ્વામી વિવેકાનંદ સ્કૂલના સ્થાપક સંજીવ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ સૌ અતિથિઓના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ નાટ્ય કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો.

આ નાટકના ચાર પ્રયોગો દહેગામ, દંતાલી, વડુ તથા કલોલ ખાતે યોજાઈ ચૂક્યા છે, જ્યાં પણ બની ગયા હતા, કેટલાક પ્રેક્ષકો તો જાત પરનો કાબૂ ગૂમાવીને રડી પણ પડ્યા હતા અને તેમણે જાહેરમાં આ બાબતને એકરાર પણ કર્યો હતો.

સુમધુર ગીત-સંગીત, સુંદર સેટીંગ્સ અને આકર્ષક લાઈટીંગ સાથે ભજવાયેલા આ રસિક નાટકને માણવા માટે શરૂઆતથી માંડીને અંત સુધી પ્રેક્ષકો બેસી રહ્યા હતા

'સ્વામી વિવેકાનંદ' નાટકે ઈતિહાસમાં નામ લખાવ્યું

નગરના નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત અને આજકાલ રાજ્યભરમાં ભજવાઈ ને વખણાઈ રહેલા નાટક 'સ્વામી વિવેકાનંદ' અંગે એક રસપ્રદ વિગત જાણવા મળી છે કે આ નાટકે પોતાની ભજવણી પહેલાં જ પોતાનું નામ ઈતિહાસમાં લખાવી દીધું છે.

ગાંધીનગરના યુવા કલાકારો દ્વારા ભજવાતા આ નાટકે પોતાનો પ્રિવ્યૂ શો યોજીને આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ નાટક તૈયાર થયા બાદ ખાસ આમંત્રિતોની ઉપસ્થિતિમાં તેનો પ્રિવ્યૂ શો યોજાયો હતો અને આમંત્રિતો પાસેથી નાટક અંગે સૂચનો પણ માગવામાં આવ્યા હતા. એ પ્રમાણે ફેરફાર કર્યા બાદ નાટક જાહેર જનતા સમક્ષ મૂકવામાં આવ્યું હતું.

કોઈ નાટક તૈયાર થયા બાદ અને પ્રેક્ષકો સમક્ષ ગયા પહેલાં તેનો પ્રિવ્યૂ શો યોજાયો હોય તેવી ઘટના ગાંધીનગરમાં પ્રથમ વાર બની હતી અને તેના માધ્યમથી 'સ્વામી વિવેકાનંદ' નાટકે ગાંધીનગરના ઈતિહાસમાં પોતાનું નામ લખાવી દીધું હતું.

આ નાટકને ખૂબ સારો પ્રતિભાવ મળ્યો હતો અને અને આ નાટકના માધ્યમથી સ્વામી વિવેકાનંદ વિશે ઘણી નવી વાતો જાણવા મળી હોવાનો પ્રેક્ષકોએ એકરાર કર્યો હતો. આવો જ અને આનાથી અધિક પ્રોત્સાહક પ્રતિભાવ નાટકને ગાંધીનગરમાં મળ્યો હતો. સ્વામી વિવેકાનંદના ગુરુ રામકૃષ્ણ પરમહંસ સાથેનાં ભાવવાહી દ્રશ્યો જોઈને અનેક પ્રેક્ષકો ભાવવિભોર અને દરેકેદરેક દ્રશ્ય ઉપર તેમણે પોતાની દાદ આપી હતી. ચૌદ કલાકારોના કાફલા સાથે ભજવાયેલા આ નાટકને પ્રેક્ષકોએ મુક્ત મને વખાણ્યું હતું અને સર્વ કલાકારોને અભિનંદન પાઠવ્યા હતા. નાટકના દરેક પાસાને પ્રેક્ષકોએ સરાહ્યું હતું. ઉલ્લેખનીય છે કે નાટકમાં સ્વામી વિવેકાનંદ રચિત ગીતો ઉપરાંત તત્કાલિન અન્ય ગીતોને સમાવવામાં આવ્યા છે.

ઈન્ટરનેટ એ વિશ્વવ્યાપી નેટવર્ક છે

માહિતી મંચ
ઈન્ટરનેટ
પ્રા. અંકિતા નાયક

ઇન્ટરનેટ અને વર્લ્ડ વેબ જેવા શબ્દોનો ઉપયોગ હવે સામાન્ય બોલચાલમાં થાય છે. ઇન્ટરનેટ એ ગ્લોબલ ડેટા કોમ્યુનિકેશન સિસ્ટમ છે. બે કે તેથી વધુ કોમ્પ્યુટરો વચ્ચે હાર્ડવેર એ સોફ્ટવેરના યોગ્ય સમન્વયથી તેમની સાથે વચ્ચે જોડાણ થાય છે. બીજી તરફ વેબ એ ઇન્ટરનેટથી સંપર્ક સાધતી સેવા છે.

ઇન્ટરનેટ પ્રોટોકોલ માળખું હાર્ડવેર એ સોફ્ટવેરના સ્થળો વચ્ચે વહેંચાયેલું છે જે વિવિધ ભાગો પર નિયંત્રણ કરે છે. જયારે હાર્ડવેર કે સોફ્ટવેર સિસ્ટમને મદદ કરવા ઉપયોગી છે. ઇન્ટરનેટની સોફ્ટ્વેર સિસ્ટમની આર્કિટેક્ચરલ ડિઝાઇન માટે ઇન્ટરનેટ એન્જિનિયરિંગ ટાસ્ટ ફોર્સ જવાબદાર છે. IETF (Internet Engineering Task Froce) એક વ્યવસ્થિત વર્ક ગ્રુપ બનાવે છે. જે ઇન્ટરનેટના માળખાના વિવિધ ભાગો માટે રચવામાં આવે છે. ઇન્ટરનેટના મોડેલનો સૌથી મહત્ત્વનો ભાગ છે. ઇન્ટરનેટ પ્રોટોકોલ જે કોમ્પ્યુટરને ઇન્ટરનેટ પર એડ્રેસિંગ સિસ્ટમ આપે છે. જેથી નેટવર્કીંગના ઇન્ટરનેટ વર્કીંગ દ્વારા ઇન્ટરનેટનું જોડાણ શક્ય બનાવે છે.

● ઇન્ટરનેટનું માળખું

ઇન્ટરનેટ અને તેના માળખાનું ઘણું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. દાખલા તરીકે ઇન્ટરનેટ પ્રોટોકોલ રાઉટીંગ સ્ટ્રકચર અને વર્લ્ડ વાઇડ વેબની હાઇપર ટેક્સ્ટ લિંક, સ્કેલ ફ્રી નેટવર્ક તરીકે જાણીતી છે. કર્મશિયલ ઇન્ટરનેટ પ્રોવાઇડર જે રીતે ઇન્ટરનેટે કસરેન્ય્જ પોઇન્ટ દ્વારા જોડાઇ છે જે અત્યારે નેટવર્કના રિચર્સ ઇન્ટરનેટને મોટા સબનેટવર્ક તરફ ઢાળી રહ્યા છે. જેની યાદી નીચે મુજબ છે.

GEANT, GLORIAD, INTERNATE નેટવર્ક (જે ને એલિબેન નેટવર્ક તરીકે ઓળખવામાં આવે છે.) JANET (યુકેનું રાષ્ટ્રીય સંશોધન અને શૈક્ષણિક નેટવર્ક છે.)

● મોબાઇલ પર ઇન્ટરનેટ સર્ફિંગ કરવું

ઇન્ટરનેટને વિવિધ સાધનો દ્વારા એક્સેસટ કરી શકાય છે. મોબાઇલ ફોન, ડેટાકાર્ડ, હેન્ડહેલ્પ, ગેમ દ્વારા ચુઝર્સ ગમે ત્યાંથી ઇન્ટરનેટ એક્સેસ કરી શકે છે. આ સાધનોમાં સેલ્યુલર નેટવર્કને મદદ કરતી ટેકનોલોજી હોય છે. જો કે તેમાં કેટલીક મર્યાદા છે. જેમ કે નાનું સ્ક્રીન કે પછી અમુક ચોક્કસ જ સુવિધાઓ આમાં રહી શકે છે. ઇન્ટરનેટની મોટાભાગે બધા જ પ્રકારની સુવિધાઓ જેમાં ઇમેલ અને વેબ બ્રાઉઝીંગનો પણ સમાવેશ છે. તે સુવિધા આ ડિવાઇસ દ્વારા મેળવી શકાય છે. જો કે સર્વિસ પ્રોવાઇડર તેમાંથી કેટલીક સર્વિસને નિયંત્રિત પણ કરી શકે છે અને ડેટા એક્સેસ પર પૈસા પણ વસૂલ કરે છે.

● રીમોટ એક્સેસ

વિશ્વમાં ગમે તે ખૂણામાં બેઠેલો યંગર્સ ઇન્ટરનેટના માધ્યમ દ્વારા અન્ય કોમ્પ્યુટર સાથે જોડાઇ શકે છે અને માહિતીનો સંગ